# ત્રણેય અપહરણકારોના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

## કોલેજના દરવાજેથી એક તરફી પ્રેમમાં અંધ પરિણીત યુવાને મળીને વિદ્યાર્થિનીને ઉઠાવી હતી

ગાંધીનગર, તા. ૧૯

શહેરના સેક્ટર-૧૫ની સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી ૨૦ વર્ષની વિદ્યાર્થિનીના એક તરફી પ્રેમમાં પડેલા વડોદરાના ક્વાંટ તાલુકા વિસ્તારના પરિણીત યુવાને તેના બે મિત્રો સાથે મળીને વિદ્યાર્થિનીનું કોલેજના દરવાજેથી જીપમાં અપહરણ કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી હતી. આ અપહરણના ૨૦ જ મિનિટમાં અડાલજ પોલીસની ટીમે અપહરણકારોને પકડીને યુવતીને બચાવી લીધી છે. આ પ્રકરણમાં ત્રણેય અપહરણકારોને વધુ પુછપરછ માટે કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

સેક્ટર-૧૫ સાયન્સ કોલેજમાં બીએસસીના બીજા વર્ષમાં અભ્યાસ કરતી ૨૦ વર્ષીય વિદ્યાર્થિનીને ખંજરની અણીએ ગઈકાલે સવારે ત્રણ શખ્સોએ મળીનો ઉપાડી લઈ જીપમાં અપહરણ કરી લીધુ હતુ. મારી નાંખવા સુધીની તૈયારી હોય તેમ અપહરણકારો પૈકીના મુખ્ય સૂત્રધાર નિલેશ રાઠવાની વાતો પરથી લાગતુ હતુ. પોલીસે કોબા ચોકડી પાસેથી ત્રણેય અપહરણકારોને જીપ સાથે ઝડપી લીધા હતા અને ૨૦ જ મિનિટમાં ઓપરેશન પાર પાડીને યુવતીને બચાવી લીધી હતી. સમગ્ર ચકચારી ઘટનાના ત્રણેય આરોપીઓ નિલેશ રાઠવા, ઈશ્વર ભીલ અને રાજુ રંગોડીયાની પુછપરછ સેક્ટર-૭ પોલીસે અપહરણનો ગુનો નોંધીને શરૂ કરી છે. ઉંડી પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે ત્રણ દિવસના ત્રણેય શખ્સોના રિમાન્ડ મંજુર કર્યા છે. સોમવાર સુધી ત્રણેય શખ્સો રિમાન્ડ પર છે.



ગાંધીનગરમાં આવેલ "જ" માર્ગ રીસરફેસ (કાર્પેટ) કરેલ હતો. છતાં આ પ્રથમ વરસાદમાં જ રીસરફેસ કરેલ રોડ ઉખડી જવા પામેલ છે અને ડામર કામ ખરાબથયું હોય તેમજ ગ્રીટ-કપચી અને ડસ્ટનું પ્રમાણ ગુણવત્તાની દ્દષ્ટિએ યોગ્યન હોવાને કારણે, અને ઠેર ઠેર કાંકરીઓ ઉડતી નજરે પડે છે. જેથી ગાંધીનગરના વસાહતિઓને ટુ વ્હીલર ઉપર જતાં આવતાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને આંખોમાં કાંકરી પડવી તેમજ સ્વાસ્થ્યને પણ નુકશાન થવાની શક્યતા છે. તો આ નબળી ગુણવત્તાવાળા થયેલ કામ બાબતમાં જરૂરી તપાસ કરી ફરીથી આ પ્રકારે પ્રજાના નાણાંનો વ્યય ન થાય તેમ ઘટતું કરી હલકી ગુણવત્તા વપરાયેલ હોવાનું પ્રાથમિક દ્દષ્ટિએ જણાઈ આવે છે. તો ફરીથી પણ આ પ્રકારે પ્રજાના નાણાં દુર્વ્યય ન થાય તે જોવાનું રહે. અને અત્યારે હાલ આ રોડ ઉપર ઠંડો ડામર અને ડસ્ટ નાંખી ઉખડી ગયેલ રોડની નબળી ગુણવત્તાને ઢાંકવાનું પ્રયાસ થઈ રહેલ જણાય છે.

## ભાટ ગામનાં તળાવ કિનારે જુગાર રમતા ત્રણ ઝડપાયા

### ૮ હજારના મુદ્દામાલ અને ત્રણેય જુગારીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા ભાટ ગામના તળાવ કિનારે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસની ટીમે ગઈ સાંજે દરોડો પાડી જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને રંગે હાથ ઝડપી પાડયા હતાં. પોલીસે રૂ. ૮૨૩૦ના મુદ્દા માલ સાથે ત્રણેય શકુનીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટે શ્રાવણ નજીક આવી રહ્યો હોવાથી સ્ટાફના માણસોને જુગાર પર ખાસ વોચ રાખવા સુચના આપી દીધી છે. જેને પગલે ટીમે પોતપોતાના બાતમીદારો સક્રીય કરી દીધા છે. દરમિયાન ગઈ સાંજે અડાલજ પોલીસ સ્ટેશનના એએસઆઈ કાનાજીને બાતમી મળી હતી કે ભાટ ગામના તળાવ કાંઠે જુગાર જામ્યો છે. જેને આધારે દરોડો પાડીને ખુલ્લે આમ બાજી માંડીને બેઠેલા ત્રણ શકુનીઓને અડાલજ પોલીસે ઝડપી પાડયા છે. ઠાકોર રણપતજી રામાજી, ઠાકોર વિનોદજી રણજીતજી અને ઠાકોર રણજીતજીની ધરપકડ કરી લઈને રોકડ રૂ. ૫૭૩૦ અને ૩ નંગ મોબાઈલ મળીને રૂ. ૮૨૩૦ની કિંમતનો મુદ્દામાલ અડાલજ પોલીસે જપ્ત કરી ત્રણેય વિરૂધ્ધ જુગાર ધારાની કલમ ૧૨૦ એ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બે સંતાનો સાથે માતા બે દિવસથી લાપત્તા

### સે. ૧૩માં રહેતી માતા બુધવારે ગુરૂકુળ સ્કૂલેથી બન્ને દીકરીને લઈને નીકળી હતી પરંતુ હજુ પરત ફરી નથી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે રહેતી ૨૮ વર્ષીય માતા મીનાબેન પંકજભાઈ મકવાણા ગત બુધવારે સેક્ટર-૨૨ ગુરૂકુળ સ્કૂલેથી બે દિકરીઓ શ્રેયા અને સાક્ષીને લઈને નીકળી હતી. ત્યારથી મીનાબેન



અને બન્ને સંતાનોનો બે દિવસ થઈ ગયા બાદ પણ કોઈ પત્તો નથી. મીનાબેનના પિતા રશ્મીકાંતભાઈએ સે. ૭ પોલીસ સ્ટેશને નોંધાવેલી જાણવાજોગ અરજીને આધારે પીએસઆઈ એ.કે. ભરવાડે ઉંડી તપાસ શરૂ કરી છે.

## બાલવા ગિરનારી આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯

કલોલ તાલુકાના બાલવા ખાતે ગાંધીનગર માણસા રોડ સ્થિત ગિરનારી આશ્રમમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન આગામી તા. ૨૨મી જુલાઈના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન કરવામાં આવ્યુંછે. પૂ. ગીતા દીદી, અમરેલીવાળાના સાંનિધ્યમાં ઉજવાતા આ મહોત્સવનો લાભ લેવા જણાવાયુંછે.

## ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આગામી સમયમાં સમાજના તેજસ્વી અને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર યુવાનો તેમજ વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવશે.

આ સન્માન સમારંભના ભાગરૂપે રાજપૂત સમાજના ધોરણ-૧ થી ૮ સુધીમાં ૮૦ ટકા અને તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર તેમજ ધોરણ-૯ થી અનુસ્નાતક સુધીમાં ૭૫ ટકા અને તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા સમાજના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓએ તેમની માર્કશીટની પ્રમાણિત નકલ તેમના સરનામા તથા મોબાઈલ નંબર સાથે રાજપૂત ભવન સેક્ટર-૧૨ ખાતે તા. ૫મી ઓગષ્ટ-૨૦૧૩ સુધીમાં રૂબરૂ અથવા જિલ્લા રાજપૂત સમાજના હોદ્દેદારો તથા આગેવાનોને પહોંચાડવા સંસ્થાના મહામંત્રીએ જણાવ્યું છે.

## સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ, ગાંધીનગરની વર્ષ ૨૦૧૨-૧૪ માટે મળેલી સામાન્ય સભામાં મહામંડળના સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

પ્રમુખ તરીકે સર્વશ્રી રામેશ્વર લોટ, મંત્રી તરીકે પ્રવિણભાઈ સોલંકી, ઉપપ્રમુખ તરીકે ગૌતમભાઈ શ્રીમાળી, પુનમભાઈ સોલંકી, અશ્વિનભાઈ તડવી, સહમંત્રી તરીકે એમ.એમ. રાઠોડ, રમણભાઈ પી. પરમાર, શ્રીમતી જસુમતીબેન સોલંકી, ગાયત્રીબેન પટેલ, પ્રભાબેન ચૌહાણ, ખજાનચી તરીકે રાજેશ ચૌહાણ અને સંગઠન મંત્રી તરીકે ડી.એસ. પાંડોર, અશોકભાઈ પ્રજાપતિ અને ચંદુભાઈ વાઘેલાની વરણી કરવામાં આવી છે.



(તસવીર : જનક પારેખ)

ઉવારસદ ગામે ત્રિદિવસીય કથા પારાયણ પ્રસંગ પૂર્ણાહૂતિ શ્રી રામજી મંદિરમાં ખૂબ ધામધૂમથી અક્ષરધામથી આવેલ પૂજ્ય સંત શ્રી હરિતિલક સ્વામી તથા સંતશ્રી જ્ઞાનસ્વરૂપ સ્વામીના સાનિધ્યમાં ખુબજ મોટી સંખ્યામાં હરી ભક્તો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહી લાભ લીધો હતો. જીવનમાં સાચુ સુખ અને આનંદ સત્સંગમાં જ છે તેમ શ્રી હરિતિલક સ્વામીના કથામૃતથી લોકો ખુબજ મંત્રમુગ્ધ થઈ ગયેલ અને કથાનો લાભ માણ્યો હતો.

## કેન્દ્રને ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર સમયસર મોકલી આપવા તમામ વિભાગોને તાકીદ કરાઈ

ગાંધીનગર, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટના વપરાશ પ્રમાણપત્ર સમયસર કેન્દ્ર સરકારને મોકલી આપવા અને કેન્દ્ર પાસેથી મહત્તમ ફંડ મેળવવા માટેના પ્રયાસો કરવા માટે તમામ વિભાગોને તાકીદ કરવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ હેઠળ રાજ્ય સરકારને જુદી જુદી યોજનાઓ હેઠળ ફંડ ફાળવવામાં આવે છે. આ ફંડ જે શરતો અને ધોરણોને આધીન રીલીઝ કરવામાં આવે છે તે પૈકી સમયસર વપરાશ પ્રમાણપત્ર રજુ કરવા એ પણ એક શરત છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ એક સમીક્ષા બેઠક હાથ ધરવામાં આવી હતી જેમાં સરકારના ધ્યાને એવું આવ્યું હતું કે રાજ્યના કેટલાક વિભાગો દ્વારા ગ્રાન્ટ વપરાશ અંગેના પ્રમાણપત્રો સમયસર કેન્દ્રને મોકલવામાં આવતા નથી.

વિભાગો દ્વારા સમયસર ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો જો સમયસર મોકલવામાં ન આવે તો કેન્દ્ર દ્વારા ગ્રાન્ટનો બીજો હપ્તો જલદી છૂટો કરવામાં આવતો નથી અને તેના કારણે કેન્દ્ર પાસેથી ફંડ મેળવી શકાતું નથી અને રાજ્ય સરકાર પર આર્થિક ભારણ આવવા સાથે યોજનાના અમલીકરણમાં પણ મુશ્કેલીઓ ઉભી થાય છે. આ બાબત અંગે સરકારે ગંભીર નોંધ લઈને કેન્દ્ર દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત રીલીઝ કરવામાં આવતાં ફંડ અંગે વપરાશ પ્રમાણપત્ર સમયસર મોકલી આપવા અને કેન્દ્ર પાસેથી વિવિધ યોજના અંતર્ગત મહત્તમ ફંડ મેળવવાના પ્રયાસો હાથ ધરવા માટે તમામ વિભાગોના વડાઓને તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## લેખક ડૉ. બી.એચ. સોમૈયાના પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૯

અષાઢી પૂર્ણિમાના મહાન પાવન પ્રસંગે ધમ્મચક્રવર્તન દિન તા. ૨૨ જુલાઈ-૨૦૧૩ને સોમવારના રોજ સાંજે ૫ કલાકે સિદ્ધાર્થ લૉ કોલેજ સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે મધ્ય ગુજરાતના જાણીતા બૌદ્ધ સાહિત્યના વિદ્વાન મા. ડૉ. જયવર્ધન હર્ષના વરદ હસ્તે જાણીતા લેખક ડૉ. બી.એચ. સોમૈયાના પુસ્તક 'ધર્માનંદ કોસંબી : જીવન અને સાહિત્યનું વિમોચન કાર્યક્રમ યોજાશે.

આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ જયેશ ભેરવીયા, પ્રો. ડૉ. પી.એસ. પટેલ, બૌધસાહિત્યના વિદ્વાન બુદ્ધપ્રિય મૈત્રેય તથા મા. હસમુખભાઈ ચન્દ્રપાલ ખાસ ઉપસ્થિત રહેશે.

## ૧૮ ઓગષ્ટે એચ ટાટની પરીક્ષા વિવિધ ૯ કેન્દ્રો પર કસોટીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકની ભરતી અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી તા. ૧૮ ઓગષ્ટના રોજ એચ ટાટની પરીક્ષા લેવામાં આવશે. વિવિધ ૯ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે.

પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ભરતી માટે એચ ટાટની પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે. જેમાં ગ્રેજ્યુએટ ઉપરાંત ૫ વર્ષનો અનુભવ પણ જરૂરી છે જ્યારે ચાલુ વર્ષે પણ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકોની ભરતીને અનુલક્ષી એચ. ટાટની પરીક્ષા લેવામાં આવનાર છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત વર્ષ દરમિયાન પણ ભરતીને અનુલક્ષી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ગત વર્ષ દરમિયાન પણ ૫ હજાર શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. આ વર્ષે પણ ૬ હજાર શિક્ષકોની ભરતી થશે. જો કે આ પૈકી ૫૦ ટકા સીધી ભરતી અન્વયે તેમજ અન્યને એચ. ટાટની પરીક્ષા અને સિનિયોરીટી આધારિત ભરતી કરાશે.




શ્રદ્ધાને પુરાવાની જરૂર હોતી નથી પરંતુ પ્રત્યેક બાબતને વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણથી મુલવતા માનવ જીવન સામે પ્રકાશમાં આવતા અનેક કિસ્સાઓ કુદરત પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિભાવને મજબૂત ચોક્કસ બનાવે છે. મહેસાણા જિલ્લાના અંબાસણ ગામમાં સ્થિત અન્નપૂર્ણા મંદિરમાં ગત બુધવારની મોડીરાત્રે ભાવિકોની શ્રદ્ધાને અનોખો પરચો મળ્યો હતો. મંદિરના ચોકીદાર સહીત ટ્રસ્ટી મંડળના સભ્યોના જણાવ્યા મુજબ મોડી રાત્રીના મંદિર પાસે સ્થિત માતાજીના રૂમમાં ચાંદીની મૂર્તિમાંથી અચાનક પ્રકાશ પથરાયો હતો. આંખ આંજી દે તેવા પ્રકાશ વચ્ચે મંદિરના દ્વાર સુધી પથરાયેલા અજવાળામાં 'શક્તિ'ના દર્શન થયા હતા. પળવારમાં જ આંખ સામે કંકુ પગલાના દર્શન થયા હતા. આ જોઈ હતપ્રત ચોકીદારે પુજારીને જાણ કરી હતી. પુજારીએ માતાજીના દર્શન થયા હોવાની ધન્યતા અનુભવી રાત્રિના ૨ વાગે માતાજીની પૂજા-અર્ચના અને આરતી કરી હતી અને મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્યોને જાણ કરી હતી. જ્યારે ટ્રસ્ટી મંડળના સભ્યો પિનાકીન જાની, હરેશ જાની, દિપક જાનીએ પણ માતાજીની આરતી કરી દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

## ડીસીપ્લીન કમિટીના મેમ્બર લાલસિંહ ગોહિલનું વડીલોએ સન્માન કર્યું

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા ગાંધીનગર બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ લાલસિંહ જે. ગોહીલને બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ડીસીપ્લીન કમિટીમાં મેમબર તરીકે નિમણુંક થતા એસોસિએશન દ્વારા તેમનો સન્માન સમારંભ ગાંધીનગર બાર રૂમ ખાતે રાખવામાં આવ્યો હતો.

ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા ગત તારીખ ૧૭ જુલાઈ ૨૦૧૩ના રોજ ગાંધીનગર એસોસિએશનના પ્રમુખ ગજેન્દ્રસિંહ કે. રાઠોડ તેમજ ડીસ્ટ્રીકટ બાર એસોસિએશનના પ્રમુખ સલીમ યુ. મોદનના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર બાર રૂમ ખાતે સન્માન સમારંભ યોજવામાં આવેલ. જેમાં બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ચેરમેન અનિલ સી. કેલ્લા તથા વાઈસ ચેરમેન દિપેનભાઈ દવે તેમજ ભરત સી. ભગત (ફાયનાન્સ કમિટીના ચેરમેન) તેમજ કરણસિંહ વઘેલાએ ગાંધીનગર બાર રૂમ ખાતે સન્માન સમારંભમાં હાજરી આપેલ જેમાં ગાંધીનગર બાર એસોસિએશનના હોદ્દેદારો જેમાં ઉપપ્રમુખ ચિંતન કે. ત્રિવેદી, મંત્રી ધર્મેન્દ્રસિંહ આઈ. ચાવડા, રજનીકાન્ત જી. દક્ષિત, ઉપપ્રમુખ જીતેન્દ્ર કે. પટેલ તેમજ સિનીયર એડવોકેટ ધર્મેન્દ્ર એ. રાવલ, આર.એમ. બિહોલા તેમજ પૂર્વ મંત્રી જીજ્ઞેશ જોષી, ગૌરાંગભાઈ પટેલ, મયંક પી. વોરા, મુકેશ એસ. પ્રજાપતિ, જે.જી. પંચાલ, દિલીપસિંહ વાઘેલા, ગિરીશસિંહ ગોહિલ તેમજ એમ.એ.સી.પી. બારના પ્રમુખ શંકરસિંહ એસ. ગોહિલ તેમજ ગાંધીનગર કોર્ટના તમામ વકીલશ્રીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી તેમજ પૂર્વ પ્રમુખ લાલસિંહ જે. ગોહિલનું સ્વાગત તેમજ સન્માન કરવામાં આવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૭૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
ધ ગુડ રોડ(ગુજરાતી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
ડી-ડેય : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડી-ડેય : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦,૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
પોલીસગીરી : ૧૦.૦૦, ૪.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૪૫, ૭.૦૦, ૧૦.૩૦

### ચિરાગ, કલોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દ્દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ધ્રુવીલ જંયતિભાઈ પટેલ (ઉ.વ. ૧૯) પ્લોટ નં. ૧૬૦, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ.વિજયકુમાર કુંદરનલાલ સુરી (ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૧૯૧/એ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ.ફુલજી કોયાજી સોલંકી(ઉ.વ. ૬૯)આતાજીના છાપરાં, મુ.પો. ડભોડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. સમુબેન રામાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૭૯૨/૨, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. ભીખાજી પ્રભાજી ઠાકોર (ઉ.વ. ૯૫) મુ.પો. ધોળાકુવા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. અંબાલાલ છગનભાઈ પટેલ (ઉ.વ. ૭૯) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.